# My first step in the world of Blogging

by Narendra Modi 14. April 2009 14:17



મિત્રો,

આપ સૌના સ્નેહપૂર્ણ આગ્રહ અને લાગણીને કારણે , આજે હુ બ્લોગની દુનીયામા ડગ માંડુ છુ.

આજે ૧૪મી એપ્રિલ, ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૧૮ મી જન્મજયંતી છે.

શોષિત ,પીડિત , વંચિતોની વચ્ચે  જન્મીને , વિપત્તિઓ વચ્ચે ઝઝૂમીને , " શિક્ષિત બનો ; સંગઠીત થાઓ અને સંઘર્ષ કરો  " નો  સકારાત્મક મંત્ર આપનાર આ વિશ્વમાનવને પ્રણામ કરુ છુ.

આપણા દેશના લોકતાંત્રિક બંધારણના ઘડવૈયાની આ જન્મજયંતીના અવસર સાથે, લોક્સભાની ચુંટણીનુ પર્વ પણ ઉજવાઈ રહ્યું છે.વિશ્વમાં ભારત સૌથી મોટુ લોકશાહી રાષ્ટ્ર છે. લોકશાહીનો સૌથી મોટો ઉત્સવ છે ચુંટણી. ઉત્સવની જેમ ચુંટણીમાં પણ જાત-જાતના રંગ હોય એ સ્વાભાવિક છે. દરેક પક્ષ અને ઉમેદવારના પોતપોતાના લક્ષ હોય તે પણ સહજ છે.

ભારતના નાગરિક તરીકે, મતદાર તરીકે તો આપણુ એક જ લક્ષ્ય હોય, ભારત શક્તિશાળી કેવી રીતે બને? ભારત વધુ સમૃદ્ધ કેવી રીતે બને?  આપણી લોકશાહી વધુ પરિપક્વ બને, મજબુત બને અને સર્વ સમાવેશક બને તે માટે નાગરિક તરીકે આપણે આપણો ધર્મ જરુર બજાવીએ.

મતાધિકાર ધરાવતા દરેક નાગરિકને હૈયે રાષ્ટ્રહિત જ હોય.

મિત્રો, આ બ્લોગ દ્વારા આપણે એકબીજાને જાણીએ તેના કરતા જુદાં-જુદાં દ્રષ્ટિકોણથી સર્વગ્રાહી રીતે વિચાર-વિમર્શ કરીશું તો સમુહ મંથનનો આનંદ મળશે. તે જોવામાં સૌની મદદ મળશે.

*  એક અંગી(એકાંગી) વિચાર સર્વાંગી વિચાર બની શકે.
*  આત્મની ગતિ , વયમ તરફ આગળ વધે.
*  મારુ તે સારુ નહિ, પણ સારુ તે મારુ એવી મોકળાશ ઉભી થાય.

મિત્રો, આપણે મળતા રહીશુ, વાતો વાગોળતા રહીશુ. બસ આજે તો આટલુ જ.

આવજો. ,



Copyright © 2009 NarendraModi.com